6LL40
Date ... 11.12.18

રાજ્યની શિક્ષણ વિભાગ હેઠળની સરકારી યુનિવર્સિટીઓમાં રજીસ્ટ્રારની જગ્યાઓ યુ.જી.સી.ના લાયકાતના ધોરણે ભરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:પગર/૧૨૦૮/૩૬૬૨/પાર્ટ ફાઇલ/ખ-૨
સચિવાલય,ગાંધીનગર.
તા. ૨૨/૧૧/૨૦૧૮

વંચાણે લીધા:

(૧) શિક્ષણ વિભાગના તા.૧૬.૦૫.૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: પગર/૧૨૦૯/૩૬૬૨/ખ

(૨) ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયાના મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રિસોર્સ ડેવલોપમેન્ટ,ડીપાર્ટમેન્ટ ઓફ હાયર એજયુકેશનના તા.૩૧.૧૨.૨૦૦૮નો પત્રક્રમાંક:I-૩૨/૨૦૦૬-યુ.II/યુ.I (ii)

(૩) શિક્ષણ વિભાગના તા.૧૮.૦૮.૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: પગર/૧૨૦૮/૩૬૬૨/પાર્ટ ફાઇલ/ખ-૨

(૪) મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રિસોર્સ ડેવેલપમેન્ટ ડીપાર્ટમેન્ટનો તા.૦૨.૧૧.૧૯૮૮નો પત્ર ક્રમાંક. I.10-52/87- Desk(U)

**પરિપત્ર**

શિક્ષણ વિભાગ હેઠળ વિવિધ સરકારી યુનિવર્સિટીઓ વર્ષ ૧૯૪૯ થી ૨૦૧૩ દરમ્યાન વખતોવખતના કાયદાથી ઘડાયેલ છે. દરેક યુનિવર્સિટી એકટની જોગવાઇ મુજબ "રજીસ્ટ્રાર "ને યુનિવર્સિટીના અધિકારી તરીકે એકટમાં સામેલ કરી જગ્યા મંજુર થયેલ છે. શિક્ષણ વિભાગ હેઠળની દરેક સરકારી યુનિવર્સિટીમાં રજીસ્ટ્રારની જગ્યા મંજુર થયા બાદ વંચાણે લીધેલ ક્રમાંક(૧) અને ક્રમાંક(૩)ના ઠરાવથી રજીસ્ટ્રારની જગ્યાના લાયકાત યુ.જી.સી. દ્વારા નિયત થયેલ લાયકાત મુજબ રાખવાની રહેશે તથા અને વખતો વખત તેમાં જે સુધારો થાય તે લાગુ પાડવાના રહેશે તે મુજબ રજીસ્ટ્રારની જગ્યા ભરવા શરતોને આધીન મંજુરી આપવામાં આવેલ છે. રાજયની યુનિવર્સિટીઓ ખાતે રજીસ્ટ્રારની ખાલી જગ્યાઓ સીધી ભરતી નિમણુંક આપવાની કાર્યવાહી કરવામાં આવે તેમજ આવી નિમણુંક માટે પ્રવર્તમાન સૂચનાઓ/નીતિ નિયમોનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા જણાતા નીચે મુજબની બાબતો અનુલક્ષીને કાર્યવાહી કરવા સબંધિત તમામને જણાવવામાં આવે છે.

Scanned by CamScanner

૧. વંચાણે લીધેલ ક્રમાંક(૩)ના શિક્ષણ વિભાગના તા.૧૮.૦૮.૨૦૧૭ના ઠરાવથી શિક્ષણ વિભાગના નિયંત્રણ હેઠળની દરેક સરકારી યુનિવર્સિટીઓમાં મંજુર કરવામાં આવેલ રજીસ્ટ્રારની જગા પર રાજયના પગાર ધોરણ રૂા. ૩૭૪૦૦-૬૭૦૦૦ ગ્રેડ પે ૧૦૦૦૦/- માં નિમણૂક આપવાની રહેશે

૨.વંચાણે લીધેલ આમુખ-૪ના મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રિસોર્સ ડેવલોપમેન્ટ ડીપાર્ટમેન્ટના તા.૦૨.૧૧.૧૯૮૮ના પત્રના ફકરા નં.૨(V) માં નીચે મુજબ જણાવાયું છે.

| | |
|---|---|
| 2(V) | The appointment of Registars,Controller of Examination and Finance Officers should be on the basis of direct recruitment for a tenure of five years, which can be renewed for similar terms. |

આ સૂચના મુજબ ૦૫ વર્ષના સમયગાળા માટે સરકારી યુનિવર્સિટીઓમાં મંજુર કરવામાં આવેલી રજીસ્ટ્રારની જગ્યા પર નિમણુંક આપવાની રહેશે અને તે નિમણુંક તેટલી જ સમયમર્યાદા માટે લંબાવી શકાશે.આવી આવી સમયમર્યાદા લંબાવવા માટે જરૂરી જસ્ટીફીકેશન સાથે શિક્ષણ વિભાગને દરખાસ્ત કરવાની રહેશે અને વિભાગની મંજુરી મળે ત્યારબાદ નિમણૂંકની મર્યાદા લંબાવવાના હુકમો કરી શકાશે.

૩. વંચાણે લીધેલ ક્રમાંક(૪)ના MHRD તા.૩૧/૧૨/૨૦૦૮ ના પત્ર અન્વયે યુનિવર્સિટી ખાતે રજિસ્ટ્રારની ખાલી જગ્યા પર નિમણૂક માટેની લાયકાત નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે:

**(1)Registrar/Finance Officer/Controller of Examinations**

(b) The existing minimum qualifications for direct recruitment to the post of Registrar and equivalent posts shall continue, namely, a Master's Degree with at least 55% of the marks or its equivalent grade of 'B' in the UGC 7 point scale. Experience required for the posts of Registrars and equivalent shall be

(i) at least 15 years' of experience as Assistant Professor in the AGP of ₹7000 and above or with 8 years' of service in the AGP of ₹ 8000 and above including as Associate Professor along with experience in educational administration

OR

(ii) Comparable experience in research establishment and/or other institutions of higher education,

OR

(iii) 15 years' of administrative experience of which 8 years shall be as Deputy Registrar or an equivalent posts,

(c) The age of superannuation, as at present, shall continue to be 62(sixty two) years of Registrar and equivalent posts.

ઉકત મુજબના ધોરણોનું ચૂસ્તપણે પાલન કરવામાં તે સુનિશ્ચિત કરવાની વિશેષ તકેદારી રાખવાની રહેશે.

Scanned by CamScanner

૪. રજીસ્ટ્રારની જગા પરની નિમણૂંક ૫ (પાંચ) વર્ષની મુદતની હોઇ, ૫૭ વર્ષની ઉપલી વય મર્યાદાથી ઓછી વય મર્યાદા રાખી હોય તો સ્ટેચ્યુટસમાં સુધારો કરવાની કાર્યવાહી સત્વરે કરવાની રહેશે.

૫. રાજયના શિક્ષણ વિભાગ હેઠળની દરેક યુનિવર્સિટીઓએ ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયાના મિનસ્ટ્રી ઓફ હ્યુમન રીસોર્સ ડેવલોપમેન્ટ ડીપાર્ટમેન્ટ ઓફ હાયર એજ્યુકેશનના તા.૩૧.૧૨.૨૦૦૮ના પત્ર માં જણાવેલ યુ.જી.સી.ની લાયકાતનું તથા આ વિભાગાન તા.૧૮.૦૭.૨૦૧૭ના સરખા ક્રમાંકના ઠરાવનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬. રાજયની દરેક યુનિવર્સિટીએ યુ.જી.સી. મુજબની ઠરાવેલ લાયકાત ધરાવતા ન હોય તેવા ઉમેદવારની રજિસ્ટ્રારની જગ્યા ઉપર નિમણૂક કરવામાં આવી હોવાનું કોઇપણ તબક્કે ધ્યાન ઉપર આવશે તો તેવી નિમણૂક રદ કરવાની રહેશે. વધુમાં ઠરાવેલી લાયકાત કરતાં ઓછી લાયકાત ધરાવતા ઉમેદવારની પસંદગી તેમજ નિમણૂક બદલ જવાબદાર અધિકારી સામે કાર્યવાહી કરવાની રહેશે અને કોર્ટ કેસ વગેરે જેવા જે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તે માટે જે તે યુનિવર્સિટીની જવાબદારી રહેશે.

૭. રજિસ્ટ્રારની ખાલી જગ્યાઓ પર નિયમિત નિમણૂક કરવા માટે બહોળી પ્રસિદ્ધી આપીને તે જગ્યાઓ ભરવા માટે યુનિવર્સિટીઓએ સઘન પ્રયત્નો કરવાના રહેશે.

૮. રજિસ્ટ્રારની જગ્યા પર નિમણૂક માટેના ઉમેદવારોની લાયકાતો સંબંધે સ્ટેચ્યુટમાં સુધારા કરવાની આવશ્યકતા જણાય તો તેવા સુધારા કરીને સરકારશ્રીની મંજુરી મેળવવાની થતી હોય તેવી મંજુરી મેળવી લેવાની રહેશે.

૯. રજિસ્ટ્રારની જગ્યા પરની નિમણૂક અંગેની પસંદગી પ્રક્રિયા પુર્ણ કર્યા બાદ યુનિવર્સિટીએ શિક્ષણ વિભાગની પુર્વ મંજુરી મેળવીને નિમણૂક અંગેના જરૂરી હુકમો કરવાના રહેશે. આવા હુકમોમાં તમામ શરતોનું યથાર્થ નિરૂપણ કરવાનું રહેશે અને નિમણૂક હુકમની નકલ જાણ અર્થે શિક્ષણ વિભાગને અચૂક મોકલવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પકેશ ઠાકોર)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન,ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.

Scanned by CamScanner